G. P. Rjt., F 2 8-2012 10,000 A4*
સા. વ. વિ.ની તા. ૨૭-૦૪-૨૦૧૧ની નોંધ
ઉદ્યોગ અને ખાણ વિભાગના પત્ર ક્રમાંક : મલસ-૧૦૨૦૦૯-૫૯૨૮૦૯-એસ-૨ તા. ૧૧-૫-૨૦૧૧

# નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી ખાતું, ગાંધીનગર.
## ગુજરાત સરકાર

***નોંધ : આ ફોર્મ ભરતાં પહેલાં આપેલી સૂચનાઓ કાળજીપૂર્વક વાંચવી અને ફોર્મ (મોટા સ્વચ્છ અક્ષરે ભરવું)***
***અંગ્રેજીમાં નામ પ્રસિદ્ધિ માટે આજ ફોર્મ અંગ્રેજીમાં ભરવું.***

**વિના મૂલ્યે** | **નામ/અટક બદલવા અંગેનું ફોર્મ** | ***નોટિસ***

**આથી જાહેર કરવામાં આવે છે કે, નોટિસમાં સહી કરનાર શખ્સે તેનું/તેણીનું**

**નામ** ____________________

**બદલીને**

**નવું નામ** ____________________

**રાખેલ છે.**

ફોટો

*સગીર માટે વાલીની સહી .................... અરજદારની જુના નામે સહી ....................

અરજદારનું કાયમી સરનામું ........................................

........................................

મુ. .............. પો. .............. તા. .............. જિ. .............. પીનકોડ ..............

**ફકત કચેરીના ઉપયોગ માટે**

ગેઝેટ રજીસ્ટર નં. : .............. તા. : .............. રોકડા/એમ.ઓ. / ₹: .............. થી મળેલ છે.

ફોર્મ ચકાસણી કરનારની સહી : .............................. પહોંચ નંબર : ..............

પ્રતિ,
વ્યવસ્થાપકશ્રી,
સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી, રીડ કલબ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧.

મહાશય,

(૧) મેં પાછળ આપેલી સૂચનાઓ કાળજીપૂર્વક વાંચી છે. સમજી છે અને તમામ સૂચનાઓ મને બંધનકર્તા છે.

(૨) ઉપરની નોટિસ ગુજરાત સરકારના રાજ્યપત્ર ભાગ-૨, પ્રસિધ્ધિ માટે મોકલું છું જે અંકમાં નોટિસ પ્રસિધ્ધિ થાય તે અંકની પ્રતો મારા દર્શાવેલ સરનામે મોકલી આપશો. સૂચનાઓ મુજબની સઘળી માહિતી મેં દર્શાવેલ છે.

(૩) અરજી કર્યા તારીખે મારી ઉંમર .............. વર્ષની છે. અરજદારે સગીરવતી અરજી કરેલ હોય તો સગીરની ઉંમર .............. વર્ષની છે.

(૪) જાહેરાત પ્રસિધ્ધિ કરવાનો દર ₹ .............. વધારાની .............. નકલના ₹ .............. કુલ ₹ .............. (અંકે ₹ ..............
મનીઓર્ડર પાવતી નં. .............. તા. .............. પોસ્ટ ઓફિસથી મોકલવામાં આવેલ છે.

**** અરજદાર સગીર (૧૮ વર્ષ કરતાં નાની ઉંમર) હોય તો આ નિશાની બતાવેલ જગ્યાએ વાલીની સહી આવશ્યક છે.***

[પાછળ જુઓ]

(૫) અરજદાર ભારતીય નાગરીક છે કે કેમ? તેની વિગતો હા/ના

(૬) અરજદાર મૂળ ગુજરાતનો વતની છે કે કેમ? તેની વિગતો હા/ના જો ના હોય તો કયાંના મૂળ વતની છે? ........................................

કેટલા સમયથી ગુજરાતમાં રહે છે તેની વિગતો. ........................................

........................................

(૭) હું અનુસૂચિત જાતિ, જનજાતિ વર્ગનો સભ્ય છું. જે અંગેનું ગુજરાત સરકારશ્રીના સક્ષમ અધિકારીશ્રીનું પછાતવર્ગ અંગેનું પ્રમાણપત્ર અંગેની ખરી નકલ આ સાથે સામેલ કરૂં છું.

(૮) નામ અટક બદલવાનું/ના કારણ સ્પષ્ટ લખવાં. ........................................

........................................

બિડાણ દસ્તાવેજોની વિગતો (૧) .................... (૪) ....................

(૨) .................... (૫) ....................

(૩) .................... (૬) ....................

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

અરજદાર/વાલી/માતા/પિતા/ની સહી/અંગૂઠાનું નિશાન

## (અભણ વ્યકિતના કિસ્સામાં)

સાક્ષીની સહી .................... સાક્ષીનું નામ ....................

સાક્ષીના રહેઠાણનું સરનામું ........................................

........................................

........................................

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

અરજદાર/વાલી/માતા/પિતા/ની સહી/અંગૂઠાનું નિશાન

***નોંધ :*** *પેઈજ નં. ૩ અને ૪ની સૂચનાઓ વાંચી/સમજી ફોર્મ ભરવાનું રહે છે. સૂચનાઓનું પેઈજ અરજદારે પોતાની પાસે રાખવું*

(૧) ક. ટૂંકુ નામ નહી લખતાં અરજદારે પુરૂ નામ લખવું.
ખ. અરજદાર ભારતીય નાગરિક હોવો જોઈએ.
ગ. અંગ્રેજી નામ અટક પ્રસિધ્ધિ માટે આજ ફોર્મ (English Capital Laters) અંગ્રેજી કેપીટલ અક્ષરોમાં ભરવાનું રહેશે.
ઘ. છેકછાક કે અવાચ્ય અક્ષરે ભરેલ નોટિસ ફોર્મ સ્વિકારવામાં આવશે નહિ. તેમજ તે માટે પ્રેસ જવાબદાર રહેશે નહિ.
ચ. નામ અટક બદલી સાથે વિશેષણ/પદવી/ઉપનામને નામની આગળ અથવા પાછળ પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.
છ. અરજદારે અરજી સાથે જરૂરી સોગંદનામું રજૂ કરવાનું રહેશે.
જ. જ્ઞાતિ પેટા જ્ઞાતિને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.
ઝ. અરજદાર દ્વારા કરવામાં આવતા પિતાના નામમાં ફેરફારને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.
ટ. છૂટાછેડાના કિસ્સામાં કાનુની દસ્તાવેજ રજૂ કરવાનો રહેશે.
ઠ. જન્મ સ્થળ ફેરફાર કરવા અંગેની નોટિસને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.

(૨) અવસાન પામેલા વ્યકિતઓના નામ ફેરફારના કિસ્સામાં પ્રસિધ્ધ કરવામાં આવતું નથી.

(૩) ૧. નામ અટક બદલી અંગે પુખ્ત અરજદારે તાજેતરમાં પડાવેલ બે પાસપોર્ટ સાઈઝના ફોટા પૈકી એક નોટિસ ફોર્મ સાથે તથા એક સોગંદનામાના ફોટા ઉપર સહી કરી લગાવવાના રહેશે. જુનું નામ બદલીને નવું નામ તથા રહેઠાણના સરનામાની સંપૂર્ણ વિગતો સોગંદનામામાં દર્શાવવાની રહેશે. તથા રહેઠાણના પુરાવા જેમ કે રેશનીંગ કાર્ડ/ચૂંટણી ઓળખપત્ર/પાન કાર્ડ/ટેલીફોન બીલ/લાઈટ બીલ/ડ્રાઈવીંગ લાયસન્સ/ઘરવેરા બીલ/નોકરીનું ઓળખપત્ર/પાસપોર્ટ કોઈપણ એક દસ્તાવેજની પ્રમાણિત ખરી નકલ અરજદારની સહી સાથે રજૂ કરવાનું રહેશે. ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા અંગેનું સોગંદનામું નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર ઉપર ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ અથવા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અથવા નોટરીના સહી સિક્કા સાથે સોગંદનામું અસલ નકલમાં રજૂ કરવાનું રહેશે.
૨. સગીર અરજદાર એટલે કે ૧૮ વર્ષ (અઢાર વર્ષ) કરતાં નાની ઉંમરના અરજદારના કિસ્સામાં જરૂરી સોગંદનામું પિતા/માતા/વાલીએ કરવાનું રહેશે. સોગંદનામું વ્યકિતગત ધોરણે અલગ અલગ આપવાનું રહેશે. સગીર અરજદારના પુરાવા રૂપે જન્મ તારીખનો પુરાવો પ્રમાણિત કરાવી અરજી સાથે રજૂ કરવાનો રહેશે.

(૪) પરણિત સ્ત્રી પિતાનું નામ/અટક બદલીને પતિનું નામ ધારણ કરવા ઈચ્છતી હોય તેવી સ્ત્રી અરજદારે લગ્ન અંગેની કંકોત્રી અથવા મેરેજ સર્ટિફિકેટની ખરી નકલ રજૂ કરવાની રહેશે.

(૫) જાતિય પરીવર્તનથી સ્ત્રીમાંથી પુરૂષ અથવા પુરૂષમાંથી સ્ત્રી બનેલા અરજદારે નામ ફેરફાર માટે મેડીકલ બોર્ડનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર તેમજ સોગંદનામું આપવું.

(૬) છૂટાછેડાના કિસ્સામાં સ્ત્રી અરજદારે નામદાર કોર્ટના લગ્ન વિચ્છેદનો હુકમ જરૂરી સોગંદનામા સાથે રજૂ કરવો.

(૭) અન્ય રાજ્યના અરજદારોએ નામ અટક બદલી અંગે દસ વર્ષથી ગુજરાતમાં વસવાટ કરતા હોવા અંગેના આધારભૂત દસ્તાવેજી પુરાવારૂપે ગુજરાત સરકારના સક્ષમ અધિકારીશ્રી પાસેથી ડોમીસાઈલ સર્ટિફીકેટ મેળવી જરૂરી સોગંદનામા સાથે રજૂ કરવું.

(૮) કુંવારી માતાના કિસ્સામાં બાળકના નામ પાછળ માતાનું નામ પ્રસિધ્ધ કરવા જોઈન્ટ ફોટા સહિતનું અસલ સોગંદનામું સૂચના ક્રમાંક (૩) અને (૪) મુજબ તેમજ બાળકના જન્મના પ્રમાણપત્રની ખરી પ્રમાણિત નકલ અરજદારની સહી સાથે નોટિસ ફોર્મ સાથે રજૂ કરવી.

(૯) દત્તક કેસ માટે દત્તક પુત્ર/પુત્રીનો જન્મના દાખલાની પ્રમાણિત નકલ સહિત હિન્દુ એડોપ્શન એન્ડ મેન્ટેનન્સ એકટ-૧૯૫૬ની જોગવાઈઓ મુજબનું દત્તક વિધાન રજૂ કરવાનું રહેશે. અને અરજદાર તેની જોગવાઈઓ પૂર્ણ કરતા હોવા જોઈએ. દત્તક કેસ માટે દરેક કિસ્સામાં નામદાર કોર્ટના જજમેન્ટના આધારે પ્રસિધ્ધિ આપવામાં આવશે. તથા દત્તક કેસ પુત્ર/પુત્રીના જન્મના દાખલાની પ્રમાણિત નકલ દત્તક આપનાર તથા લેનાર બંન્ને પક્ષકારોએ દત્તક આપવા તથા લેવા અંગેનું અલગ અલગ સોગંદનામું સૂચના ક્રમાંક (૩) તથા (૪) મુજબ કાર્યવાહી કરવી.

(૧૦) અરજદાર તેમના પિતાના નામમાં કોઈપણ ફેરફાર કરાવી શકશે નહિ. અને જો તેમના પિતાના નામમાં ફેરફાર કરવાવાનું હશે તો તેમના પિતાએ પ્રથમ નામ ફેરફાર કરાવવાનું રહેશે. અને સાથોસાથ અરજદારે તેના આધારે નામ ફેરફાર માટે અરજી કરવાની રહેશે.

(૧૧) અરજદારના નામ આગળ સંબોધવામાં આવતા વિશેષણ/પદવી/ઉપનામ વિગેરેના ઉલ્લેખ સાથે નામમાં ફેરફારને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.

(૧૨) ગુમ થયેલા વ્યકિતના નામમાં ફેરફાર કરવાની માંગણી સ્વિકારવામાં આવતી નથી.

(૧૩) નામ ફેરફાર અંગેની જરૂરી ફી/વધારાની નકલ સહિતની રકમ અરજદારે અરજી સાથે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે. ફીની રકમ ચલણ કે પોસ્ટલ ઓર્ડરથી સ્વીકારવામાં આવશે નહિ. જાહેરખબરના (અનુસૂચિત વર્ગોના સભ્યો સિવાય) ₹ ૧૦૦ રહેશે. આ દરમાં રાજ્યપત્રની બે પ્રતની કિંમતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વધારાની દરેક પ્રત માટે ₹ ૬૦ વધારે મોકલવા. પાછળથી વધારાની પ્રતો મળશે નહિ. પ્રથમ વખત જ આપની વધારાની નકલ મેળવી લેશો.

(૧૪) અનુસૂચિત જાતિ/જન જાતિના વર્ગોના સભ્યોના નામો ગુજરાત સરકારના રાજ્યપત્રમાં દરેક અરજી માટે ₹ ૧૦૦ને બદલે ₹ ૬૦ના ઘટાડેલા દરે પ્રસિધ્ધ કરવામાં આવશે. અરજદારે યોગ્ય રીતે ભરેલા નામના ફેરફાર માટેના ફોર્મની સાથે સક્ષમ અધિકારીશ્રીના પછાત વર્ગના પ્રમાણપત્રના ખરી પ્રમાણિત નકલ અરજદારની સહિ સહિત રજૂ કરવી.

(૧૫) જન્મ તારીખ અંગેની જાહેરાત સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધિ માટે અલાયદુ નિયત ફોર્મ ભરવું અને તે ફક્ત ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધિ આપવામાં આવે છે. સાચી જન્મ તારીખ નોંધણી કચેરીમાં નોંધાયેલને માન્ય રાખવામાં આવશે. વિદેશી નાગરિકના નામ/અટક બદલી અંગેના ફેરફારને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.

(૧૬) નામ અટક બદલી અંગેની નોટિસ ક્રમાનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૧૭) નામમાં ફેરફાર કરવાની દરેક જાહેરાત મનીઓર્ડર સાથે રવાના કરવી મનીઓર્ડર કુપન ઉપર પૂરતી વિગત લખેલી ન હોય તો તે સ્વિકારવામાં આવશે નહિ. મની ઓર્ડર જુના નામથી જ મોકલવું અને નોટિસ ફોર્મમાં સંપૂર્ણ વિગત દર્શાવવી. **મનીઓર્ડર અને ફોર્મ વ્યવસ્થાપક, સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી, રાજકોટને** જ મોકલવું. અધુરી વિગત સાથેનું મનીઓર્ડર સ્વીકારવામાં આવશે નહીં.

(૧૮) જાહેર ખબરના દર હંમેશાં અગાઉથી ભરવાના રહેશે. વી.પી.પી./ચલણ કે પોસ્ટલ ઓર્ડર થી સ્વિકારવામાં આવશે નહિ. નોટિસ પ્રસિધ્ધિમાં કંઈપણ પ્રેસ દ્વારા મુદ્રણ દોષ રહેવા પામેલ હોય તો તેવા કિસ્સામાં સંપૂર્ણ વિગત સાથે એક માસના સમયગાળામાં અત્રે જાણ કરવાની રહેશે. તેમજ પ્રસિધ્ધ થયેલ ગેઝેટની નકલો પરત મોકલી આપવાની રહેશે.

(૧૯) ગુજરાત સરકારના રાજ્યપત્રમાં નામ-અટક બદલીની જાહેરાત પ્રસિધ્ધ થવાથી સંબંધિત વ્યક્તિને સરકારી કે બીજા રેકર્ડમાં નામ-અટક બદલવાનો કોઈપણ કાયદાકીય જોગવાઈથી ઉપરનો કોઈ હક્ક મળતો નથી. નોટિસ પ્રસિધ્ધ કરવી એ જાહેર ખબર છે. આ જાહેરાતના ખરાપણા વિશે સરકારશ્રી કોઈપણ પ્રકારની જવાબદારી સ્વિકારતી નથી. નામ અટક બદલવાની નોટિસ અનધિકૃત વ્યક્તિએ આપેલી હોય તો સરકારશ્રી જવાબદારી લેતી નથી. બદલેલ નામ-અટક માટે કોઈ અધિકૃત રેકર્ડ પુરાવો નથી. ગેઝેટમાં નામ પ્રસિધ્ધિની જાહેરાતમાં સ્વીકાર અથવા અસ્વીકાર કરવાનો નિર્ણય સરકારશ્રીનો આખરી ગણાશે.

(૨૦) નામ અટક બદલવાના ફોર્મ નોટિસ સ્વીકાર કરવાના પ્રસંગે અથવા અસ્વીકાર કરવાના પ્રસંગે અરજદારે રજૂ કરેલ સોગંદનામું તથા અન્ય દસ્તાવેજો સંલગ્ન કાગળો પરત કરવામાં આવતા નથી.

(૨૧) વખતોવખત સરકારશ્રી દ્વારા નામ અટક ફેરફારને લગતા જરૂરી આદેશો/સૂચનાઓ/નિયમો/જોગવાઈઓ અરજદારને બંધનકર્તા રહેશે. તથા કાયદાકીય ન્યાયક્ષેત્ર રાજકોટનું રહેશે.

## ❖ અરજદાર તરફથી ભરેલા ફોર્મનો તથા નાણાંનો સ્વીકાર માટેનું કેન્દ્ર ❖

*( ૨ જો અને ૪ થો શનિવાર તેમજ જાહેર રજાના દિવસો સિવાય )*

➢ **વ્યવસ્થાપક,**
**સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી,**
**રીડકલબ રોડ, જામટાવર પાસે, રાજકોટ-૩૬૦૦૦૧. ફો. : (૦૨૮૧) ૨૪૭૯૨૪૪, ૨૪૪૦૨૯૬.**

---

**નામ/અટક બદલી, જન્મ-તારીખ બદલી અંગેનું ફોર્મ વિના મૂલ્યે આ સાથે નીચે મુજબના સ્થળોએ પણ ઉપલબ્ધ થશે.**

---

◈ **શ્રેયાન વ્યવસ્થાપક,**
**સરકારી મધ્યસ્થ પ્રેસ,**
**સેકટર-૨૯, ઘ-૭ સર્કલ પાસે.**
**ગાંધીનગર. ફો. : (૦૭૯) ૨૩૨૧૦૦૧૭**

◈ **કચેરી અધિક્ષક**
**સરકારી પુસ્તક ભંડાર,**
**આઝમખાન પેલેસ, ભદ્રકાળી મંદિરની બાજુમાં, લાલ દરવાજા,**
**અમદાવાદ.**
**ફો. : (૦૭૯) ૨૫૫૦૭૮૨૪**

◈ **કચેરી અધિક્ષક**
**સરકારી પુસ્તક ભંડાર,**
**હલુરીયા ચોક,**
**ભાવનગર.**

◈ **કચેરી અધિક્ષક**
**સરકારી પુસ્તક ભંડાર,**
**સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી,**
**આનંદપુરા કોઠી રોડ, વડોદરા. ફો. : (૦૨૬૫) ૨૪૭૯૨૪૪**

**નામ/અટક બદલવા અંગેનું ફોર્મ**
નીચે દર્શાવ્યા મુજબની વેબસાઈટ પરથી ઉપલબ્ધ થશે
http://www.imd-gujarat.gov.in/forms/dgps.html

---

BOOK POST
PRINTED

O. I. G. S.

STAMP

**પ્રતિ,**
**શ્રી** ........................................................................
........................................................................
........................................................................
........................................................................

**રવાના :**
**વ્યવસ્થાપકશ્રી,**
**સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી,**
**રીડકલબ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.**